# બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની હરાજીની નોટિસ

## બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી અંગેની નોટિસ

આથી લાગતાં વળગતા તમામને જણાવવામાં આવે છે કે, ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, ન.કૃ.યુ., નવસારીના બિનઉપયોગી ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી (ત્રીજો પ્રયત્ન) તા.૧૦/૦૧/૨૦૨૩,મંગળવારના રોજ ૧૦: ૦૦ કલાક દરમ્યાન રાખવામા આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોને હરાજીના દિવસે હરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા જણાવવામાં આવે છે. જે ઇસમે હરાજીમાં ભાગ લેવો હોય તેઓએ હરાજીની શરતોની વિગતવાર માહિતી www.nau.in વેબસાઈટ પરથી મેળવી લેવાની રહેશે. તેમજ વધુ વિગત માટે સંબંધિત અધિકારીશ્રીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવો

તા.૨૩/૧૨/૨૦૨૨,નવસારી.

**હરાજી માટેનુ સ્થળ:** ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી,ન.મ.કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી

સહી
પ્રાધ્યાપક અને વડા
ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી
ન.મ.કૃષિ મહાવિધાલય,
ન.કૃ.યુ., નવસારી

| | | | |
|---|---|---|---|
| ૧. | ડીપોજીટની રકમ | : | રૂ.૫૦૦૦/- |
| ૨. | હરાજીની તારીખ | : | ૧૦ -૦૧-૨૦૨૩ |
| ૩. | હરજીનો સમય | : | બપોર પહેલા ૧૦.૦૦ કલાકે |
| ૪. | હરાજીનું સ્થળ | : | ફૂડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી,ન.મ.કૃષિ મહાવિધાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬ ૪૫૦ |
| | | | |

## બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમોની હરાજીની શરતો :

૧. ડેડસ્ટોક બિનઉપયોગી આઇટમો અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતિમાં છે તે રીતે તેમજ અત્રેની કોઈપણ જવાબદારી સિવાય જાહેર હરજીથી વેચાણ કરવાના છે.

૨. ડેડસ્ટોક બિનઉપયોગી આઈટમો જાહેરતમાં દર્શાવેલ સ્થળે રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ થી ૧૭:૦૦ કલાક સુધીમાં જોવા મળશે.
૩. હરજીમાં ભાગ લેનાર ઇસમે **રૂ. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ડિપોજીટ પેટે જમા કરાવ્યા બાદ "બોલી" બોલી શકાશે.** હરાજી પૂર્ણ થયા બાદ વધુમાં વધુ ભાવ બોલનાર સિવાયના ઈસમોની ડીપોજીટ પરત કરવામાં આવશે.
૪. હરજીમાં જે તે ઇસમે ડીપોજીટ ભરી હશે તે જ ઈસમ હરજીમાં ભાગ લઈ શકશે. ફોટો આઈડી કાર્ડ સાથે રાખવાનું રહેશે.
૫. સૌથી ઉંચી બોલી બોલનાર ઇસમે હરાજીમાં બોલેલ બોલીની રકમ ભરપાઈ કરવાની રહેશે અને આઈટમોને અત્રેથી પોતાના ખર્ચેથી લઈ જવાની રહેશે. તેમાં નિષ્ફળ જનારને તેમની ડીપોજીટની રકમ કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સિટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
૬. હરાજીમાં બોલેલે સંપૂર્ણ રકમ દિન-૧૦ સુધીમાં જમા કરવામાં નહી આવે તો હરાજી રદ કરવામાં આવશે. કોઈ પણ સંજોગોમાં હરાજીની પૂરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહીં. ઇજારદારે પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ ફરજીયાત જમા કરાવવાની રહેશે.
૭. ડેડસ્ટોક બિનઉપયોગી આઈટમો વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી જે તે ઇજારદારની રહેશે.
૮. ડેડસ્ટોક બિનઉપયોગી આઈટમોનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ઇજારદારની રહેશે. ડિપોજીટ રકમ પરત કરવાની કાર્યવાહીમાં કચેરી તરફથી વિલંબ થાય તો ડિપોજીટ રકમ પર કોઈપણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.
૯. ડેડસ્ટોક બિનઉપયોગી આઈટમો જે તે બોલી બોલનારે જ તેમના માણસો સાથે હાજર રહી લઈ જવાનું રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઇસમને લઈ જવા દેવામાં આવશે નહીં. તેમજ હરાજી સમયે જે ઇસમે માલ સામાન રાખ્યો હોય તે બીજા ઈસમને આ સામાન તબદીલ કરી શકશે નહીં.
૧૦. હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઊભો થાય તો નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો નિર્ણય આખરી ગણાશે. જે ઈજારદારને બંધનકર્તા રહેશે અને કાયદાકીય જ્યુરીડીક્શન નવસારી રહેશે.
૧૧. સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તા ધીશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહી. તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીનો નિર્ણય આખરી ગણાશે. જે ઇજારદારને બંધનકર્તા રહેશે.
૧૨. ઇજારદાર ઈસમ પુખ્ત વાયનો હોવો જોઈએ તેમજ અસ્થિર મગજનો હોવો જોઈએ નહીં.
૧૩. હરાજી મંજૂર રાખવી કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીની રહેશે.
૧૪. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી પાસે તેમની સૌથી ઊંચી બોલીના ૧% રકમ ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવવાના રહેશે.
૧૫. ડેડસ્ટોકના સાધનો ભરી જવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીની રહેશે. તે સિવાય તથા રજાના દિવસોમાં સામાન ભરવા દેવામાં આવશે નહી.
૧૬. નોવેલ કોરોના વાઇરસ (કોવિડ-૧૯)ની મહામારીના કારણે હરજીના સમયે ઇજારદારે સરકારશ્રીની ગાઈડલાઈનોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.